રજૂ તારીખ : ૦૯.૦૨.૨૦૨૬
દાખલ તારીખ : ૦૯.૦૨.૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૯.૦૩.૨૦૨૬

| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦ | ૧ | ૦ |

આંક–..........

**સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ.સુરત**

**દીવાની પરચુરણ અરજી (ડીસી) નં.૩૩/૨૦૨૬**

અરજદારોઃ

(૧) **દિપેનભાઈ રમેશભાઈ કોચા**
ઉ.આ.૪૯ વર્ષ, ધંધોઃ વેપાર,

(૨) **જાસ્મીન પ્રશાંત કોચા**
ઉ.આ.૪૮ વર્ષ, ધંધોઃ વેપાર,

(૩) **રાશી પ્રશાંત કોચા**
ઉ.આ.૨૬ વર્ષ, ધંધોઃ વેપાર,

(૪) **જેસલબેન રાજ શર્મા**
ઉ.આ.૪૮ વર્ષ, ધંધો : ઘરકામ,

સર્વેનું ઠેકાણું: ૬૦૩, ભારત એપાર્ટમેન્ટ,
ગાંધીધામ રોડ, ઈસ્કોન મંદિરની પાસે, જુહુ, મુંબઈ.

વિરુદ્ધ

સામાવાળાઓઃ(૧) **વનીતાબેન તે વાસુદેવભાઈ બાબુભાઈ કોચા (કંસારા) ની વિધવા**
ઉં. પુખ્ત વયના, ધંધોઃ ઘરકામ/વેપાર,
રહે. ૧૧/૭, પાર્સન હાઉસ, બીજો માળ, ગુલમહોર રોડ નં.૧, જુહુ, નોર્થ, મુંબઈ–૪૯

(૨) **કાબરિયા જગદીશભાઈ કાળુભાઈ**
ઉં.આ.૫૦ વર્ષ, ધંધોઃ વેપાર,
રહે. ૫૫, ૫૬, ભગુનગર, કરંજ, લામેઅર પોલીસ સ્ટેશનની સામે, એલ.એચ.રોડ, કરંજ, સુરત.

(૩) **પ્રવિણભાઈ દેવકીનંદન અગ્રવાલ**
ઉં.આ.૫૨ વર્ષ, ધંધોઃ વેપાર,
રહે. ૬૦૬, મંગલદિપ એપાર્ટમેન્ટ, મજુરા, સુરત.

(૪) **વિપુલભાઈ મનસુખભાઈ રીબડિયા**
ઉ.આ.૪૮ વર્ષ, ધંધોઃ ટેક્ષટાઈલ,
રહે.૧૩૧, ગૌતમ પાર્ક સોસાયટી, રાજહંસ સોસાયટીની બાજુમાં, લંબેહનુમાન રોડ, સુરત.

(૫) **શૈલેષભાઈ મનસુખભાઈ રીબડિયા**
ઉ.આ.૪૯ વર્ષ, ધંધોઃ ટેક્ષટાઈલ,
રહે.બી/૯૬, રૂક્ષ્મણી સોસાયટી, પુણા ગામ, સુરત.

**(૬) યોગેશ અરવિંદભાઈ ચલથાણવાળા**
ઉ.આ.૬૦ વર્ષ, ધંધોઃ વેપાર,
રહે. ૬/૧૬૩૮, લાલ દરવાજા, ગુંદી શેરી, સુરત.

**(૭) મે.અસ્કા એકઝીમ ભાગીદારી પેઢી**
ઠે. ઓફિસ નં. ૧, પહેલે માળે, આર.એન.એ. આર્કેડ,
લોખંડવાલા કોમ્પ્લેક્ષ, અંધેરી વેસ્ટ, મુંબઈ.

**(૮) રોહીતકુમાર પટેલ**
**તે મે.અસ્કા એકઝીમ ભાગીદારી પેઢીના ભાગીદાર**
ઉ.આ.પુખ્ત વયના, ધંધોઃ વેપાર,
ઠે. ઓફિસ નં. ૧, પહેલે માળે, આર.એન.એ. આર્કેડ,
લોખંડવાલા કોમ્પ્લેક્ષ, અંધેરી વેસ્ટ, મુંબઈ.

**(૯) મનીષ સાકરચંદ શાહ પોતે તથા**
**તે મે.અસ્કા એકઝીમ ભાગીદારી પેઢીના ભાગીદાર**
ઉ.આ.પુખ્ત વયના, ધંધોઃ વેપાર,
ઠે. ઓફિસ નં. ૧, પહેલે માળે, આર.એન.એ. આર્કેડ,
લોખંડવાલા કોમ્પ્લેક્ષ, અંધેરી વેસ્ટ, મુંબઈ.

**(૧૦) બેંક ઓફ બરોડા (લોખંડવાલા બ્રાન્ચ)**
ઠે. જી/ર, ટ્રાન્સ એવન્યુ, એસ.વી.પી. નગર, અંધેરી
વેસ્ટ, મુંબઈ–૪૦૦૦૫૩

**(૧૧) વિપુલ એચ.વી.એ.સી. સોલ્યુશન પ્રા.લિ.**
ઠે. એ/૧૫, સમ્રાટ એપાર્ટમેન્ટ, લંબે હનુમાન રોડ,
માતાવાડી, વરાછા, સુરત.

**(૧૨) સુર્યદેવ ગોવિંદસંગ પરમાર,**

ઉં.પુખ્ત વયના, ધંધોઃ વેપાર,
ઠે. નવા પ્લોટ, વરતેજ, પોસ્ટ ઓફિસ સામે,
ભાવનગર.

**વિષયઃ દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪ અન્વયે ટ્રાન્સફર અરજી.**

| |
|---|
| અરજદાર તરફે વિ.વકીલશ્રી એસ.આર.કીનખાબવાલા |
| સામાવાળા નં.૧ થી ૧૦, ૧૨ ગેરહાજર |
| સામાવાળા નં.૧૧ તરફે વિ.વકીલશ્રી આઈ.બી.ખેની |

**ચૂકા દો**

**(૧)** અરજદારોએ સ્પેશીયલ દીવાની મુકદ્દમા નં.૫૬૨/૨૦૧૫ તેમજ રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૪૬/૨૦૨૫ ને એક જ કોર્ટમાં ચલાવવા ટ્રાન્સફર કરવા માટે હાલની અરજી કરેલ છે.

**(૨)** અરજદારોની હાલની અરજી અન્વયે આ કામના સામાવાળાઓને નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ; સામાવાળા નં.૧૧ તરફે વિ.વકીલશ્રી આઈ.બી.ખેની હાજર રહેલ છે, જ્યારે અન્ય સામાવાળાઓ જાતે કે તેમના પ્રતિનિધિ મારફત આ અરજીની સુનાવણી દરમ્યાન હાજર રહેલ નથી.

**(૩)** અરજદારોની અરજીની વિગતો તેમજ તેમના વિ.વકીલશ્રી

તરફે કરવામાં આવેલ રજૂઆત ધ્યાને લેતાં એવું જણાઈ આવે છે કે, સુરત શહેરના ઉધના મુકામે રેવન્યુ સર્વે નં.૨૦૫ પૈકી ૫ વાળી જમીનમાં આવેલ પ્લોટ નં.૮ ની કુલ્લે ૧૪૨૮.૮૦ ચો.મી. વાળી મિલકત સંબંધે અરજદારોએ સામાવાળાઓ વિરુદ્ધ સ્પેશીયલ દીવાની મુકદ્દમા નં.૫૬૨/૨૦૧૫ દાખલ કરેલ, જે હાલમાં સુરતના વિ.૧૨મા એડિશ્નલ સિનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં પેન્ડીંગ છે. ઉપરોક્ત મિલકત સંબંધે સમાન પક્ષકારો વચ્ચે રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૪૬/૨૦૨૫ દાખલ કરવામાં આવેલ, જે હાલમાં સુરતના વિ.૮મા એડિશ્નલ સિવિલ જજશ્રીની કોર્ટમાં પેન્ડીંગ છે. સદર બંને દાવા સમાન પક્ષકારો વચ્ચે સમાન મિલકતો સંદર્ભે કરવામાં આવેલ છે, જે બંને દાવા હાલ ઉપર જણાવેલ જુદી જુદી કોર્ટમાં પેન્ડીંગ છે. અલગ–અલગ કોર્ટોમાં ચાલતા કેસોમાં અલગ–અલગ તારીખોએ પક્ષકારો તથા શાહેદોને હાજર રહેવાના પ્રસંગે તેઓને હાડમારીનો સામનો કરવો પડે. વિશેષમાં સમાન હકીકતો હોવા છતાં અલગ–અલગ કોર્ટોમાં ચાલતા કેસોમાં અલગ–અલગ ચૂકાદાઓ આવે તો અયોગ્ય સ્થિતિ સર્જાય તેવી પણ શક્યતા રહે છે. જેથી ઉપરોક્ત બંને દાવાનું સ્વરૂપ તેમજ આ કોર્ટ દ્વારા કરવામાં આવેલ ઉપરોક્ત નિરિક્ષણોને ધ્યાને લેતાં તેમજ અદાલતના તારણોમાં વિરોધાભાસ ન આવે, કોઈ પણ પક્ષકારને અન્યાય ન થાય તેમજ  નામદાર કોર્ટના અને પક્ષકારોના સમયનો બચાવ થાય તે હેતુથી ઉપરોક્ત બંને દાવાઓ હાલમાં જે અલગ–અલગ કોર્ટોમાં ચાલે છે, તેને બદલે એક જ કોર્ટમાં ચલાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ, હું નીચે મુજબ હુકમ કરવો વાજબી માનું છું:–

## <u>હુકમ</u>

૧. અરજદારની દીવાની પરચુરણ અરજી (ડીસી) નં.૩૩/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

૨. સુરતના વિ.૮મા એડિશ્નલ સિવિલ જજશ્રીની કોર્ટમાં ચાલતા **રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૪૬/૨૦૨૫** ને આગળની ન્યાયિક કાર્યવાહી માટે સુરતના વિ.૧૨મા એડિશ્નલ સિનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં ટ્રાન્સફર કરવા હુકમ કરવામાં આવે છે.

**૩.** ભવિષ્યમાં વહીવટી કારણોસર કેસ ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે ત્યારે ઉપરોક્ત બંને દાવાઓ એટલે કે સ્પેશીયલ દીવાની મુકદ્દમા નં.૫૬૨/૨૦૧૫ તથા રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૪૬/૨૦૨૫ અલગ ન પડે, તે માટે જરૂરી તકેદારી રાખવા સંબંધિત કોર્ટના બેન્ચ ક્લાર્કને સૂચના આપવામાં આવે છે.

**૪.** આ હુકમની જાણ સંબંધીત કોર્ટોને, સંબંધીત પક્ષકારોને તેમજ અત્રેની કોર્ટની જ્યુડિશિયલ બ્રાન્ચને કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૯મી** માહે **માર્ચ,** સને **૨૦૨૫** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
મુખ્ય જિલ્લા ન્યાયાધીશ,
સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP